# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮મીં એપ્રિલે ખુલશે




અમદાવાદ

ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસેસ લિમિટેડ(યુએફએસ અથવા કંપની) નોન બેન્કિંગ ફાઈનાનાન્શિયલ કંપની માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન ( એનબીએપસી- એમએફઆઈ) થે, જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી) તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ડિસેમ્બર, ૨૦૧૫ સી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીના આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ ખુલશે અને ૦૨મે, ૨૦૧૬ ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ ૨૦૭ થી ૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ રહેશે. આઈપીઓમાં કંપનીના કુલ ૩૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ ડબ્લ્યુસીપી અને ડબ્લ્યુડબ્લ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની એ કુલ ૨૯૧૮.૩૯ મિલિયન નું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી- આઈપીઓ પ્લેસમેંટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર , ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિગં પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં ૬૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે. બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફર નો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી પોર્શન) ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે ( એન્કર ઈન્વેસ્ટર પોર્શન ) એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછા માં ઓછા ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર કે તેની થી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસે થી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સ ને આધિન છે.એન્કર ઈન્વેસ્ટર પોર્શન નો હિસ્સો ઓછા ભરાવવાના કે બિન-ફાળવણીના કેસમાં બાકીના ઈક્વિટી શેર ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે , ૫ ટકા ચોખ્ખો ક્યુઆઈબી પોર્શન પ્રમાણસર આધારે મ્યુચ્યુઅલ ફંડને જ ફાળવવામાં આવશે અને ચોખ્ખા ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો પ્રમાણસર આધારે તમામ ક્યુઆઈબી બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય) ને ફાળવવા માટે ઉપલબ્ધ થશે.